e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 214
February 05, 2010

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના મે. કમિશનરશ્રીની સુચના મુજબ સેન્ટ્રલ ઝોનના આસી. આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં વોર્ડ નં. ૨/એ રૂસ્તમપુરા, વોર્ડ નં. ૩/બી સલાબતપુરા, ૭/બી રૂઘનાથપુરા સ્ટેશન વિસ્તાર, વોર્ડ નં. ૧૦ ચૌટાબજાર વિસ્તારમાં જાહેર રસ્તા સરિયામ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં તા. ૨૮/૦૧/૨૦૧૦ ના રોજ આરોગ્ય વિભાગ મારફત વોર્ડ નં. ૧૪ બી ઉમરવાડા–૧ ના કાર્યક્ષેત્રમાં આવેલ વિસ્તાર જેવો કે, ખટોદરા પુલ થી બાબાનગર ઢાળ સુધી (કેનાલરોડ), જીવન જયોત ટોકીઝના પુલ થી મારીયા સ્કુલ સુધી, યોગેશ્વર હોલ આર્શીવાદ પાર્કથી ચામુંડા રેસ્ટોરન્ટ, નસરવાનજી એસ્ટેટ સુધી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગાંધી નિર્વાણ દિન તા.૩૦.૧.૨૦૧૦

સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦ મી જાન્યુઆરી ૨૦૧૦ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## રન ફોર સુરત (મુખ્ય સીટી રન) તા.૩૧.૧.૨૦૧૦ (એસ.વી.એન.આઈ.ટી.)



સને ૨૦૧૦નું વર્ષ "સ્વર્ણિમ ગુજરાત" તરીકે ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં તા. ૩૧ મી જાન્યુઆરી ૨૦૧૦ને રવિવારના રોજ "રન ફોર સુરત" માં શહેરના તમામ વર્ગોનાં લોકો ઉત્સાહથી મોટી સંખ્યામાં જોડાય તે હેતુસર શહેરીજનોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૩૧/૦૧/૨૦૧૦ ને રવિવાર ના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરના તમામ નગરજનો માટે "સીટી રન" દોડ સ્પર્ધા **SVNIT** કોલેજ સર્કલ તથા કારગીલ ચોકથી સુરત ડુમસ ગૌરવપથ ઉપર યોજવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## પુસ્તક મેળો તા.૨૨ થી ૨૭ જાન્યુઆરી ૨૦૧૦

સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત દસમો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા ૨૦૧૦" આઠમો રાષ્ટ્રીય હોર્ટીકલ્ચર હર્બલ ફેર "સુમન ૨૦૧૦" અને દ્વિતિય "આઈ.ટી. મેળો ૨૦૧૦" તા. ૨૨–૧–૨૦૧૦ થી તા.૨૭–૧–૨૦૧૦ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેનો શુભારંભ તા. ૨૨/૦૧/૨૦૧૦ના રોજ વરિષ્ઠ પત્રકારશ્રી કાન્તિભાઈ ભટ્ટના વરદ્દહસ્તે થયો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયતઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સીટી ઈજનેર અને લિંબાયતઝોનના વડાશ્રી વી.ડી. પટેલની સુચના મુજબ, લિંબાયત ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી એ. જી. ખાટીવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડો. કે. કે. નીગમના માર્ગદર્શન મુજબ, મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી એમ. ઈકબાલ શેખ, કે.એમ. મહેતા, પી.જી.સુરતીની સીધી દેખરેખ હેઠળ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ સેન્ટ્રલ ઝોનના આસી. આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં વોર્ડ નં. ૨/એ રૂસ્તમપુરા, વોર્ડ નં. ૩/બી સલાબતપુરા, ૭/બી રૂઘનાથપુરા સ્ટેશન વિસ્તાર, વોર્ડ નં. ૧૦ ચૌટાબજાર વિસ્તારમાં જાહેર રસ્તા સરિયામ કચરો નાંખીને ન્યુસન્સ કરતાં ઈસમો તેમજ સંસ્થાઓ પર સખત શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. સદર કામગીરીના ભાગરૂપે આજરોજ આરોગ્ય વિભાગના સ્કવોર્ડ ધ્વારા મુખ્ય આરોગ્ય નિરીક્ષકની સીધી દેખરેખ હેઠળ આવા ઈસમો અને સંસ્થાઓને કુલ ૧૧૬ નોટીસો આપી રૂા. ૧૦,૪૫૦/– (અંકે રૂપિયા દશ હજાર ચારસો પચાસ પુરા) વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ છે. તેમજ ખામીઓ દુર કરવા માટે નોટીસ, ચેતવણી આપવામાં આવી હતી.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં તા. ૨૮/૦૧/૨૦૧૦ ના રોજ આરોગ્ય વિભાગ મારફત વોર્ડ નં. ૧૪ બી ઉમરવાડા–૧ ના કાર્યક્ષેત્રમાં આવેલ વિસ્તાર જેવો કે, ખટોદરા પુલ થી બાબાનગર ઢાળ સુધી (કેનાલરોડ), જીવન જયોત ટોકીઝના પુલ થી મારીયા સ્કુલ સુધી, યોગેશ્વર હોલ આર્શીવાદ પાર્કથી ચામુંડા રેસ્ટોરન્ટ, નસરવાનજી એસ્ટેટ સુધી, માનવ પરિવાર રોડથી પુષ્પાનગર માર્કેટ થઈ અમનનગર સોસાયટી વિ.૧ના નાકા સુધી, પુષ્પાનગર મે. રોડ તેમજ સોસાયટી વિસ્તાર, નવકેતનપાર્ક થી આંજણા ટ્રાન્સફર સ્ટેશન રોડ થઈ મારીયા સ્કુલ સુધી તેમજ આજુબાજુનો વિસ્તાર, ભાઠેના નહેર ચાર રસ્તાથી ઉધના સંઘ પુલ સુધીનો વિ. વિસ્તારમાં બપોરે ૧૧.૦૦ કલાકથી ૨.૩૦ કલાક દરમ્યાન '' સફાઈ અભિયાન'' રાખવામાં આવેલ છે. જેમાં તળિયા ઝાટક સ્ક્રેપીંગ બ્રશીગ તથા ધૂળ–માટી ઉપાડવાની ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવેલ છે. સદર કામગીરી કરાવવામાં આરોગ્યખાતાની સુપરવાઈઝરી સ્ટાફ તથા સફાઈ કામદારો રોકાયેલા હતા. આ સફાઈ અભિયાન દરમ્યાન ન્યુસન્સ કરતા ઈસમો પાસેથી રૂા. ૫૧૫૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. તેમજ કુલ–૩૭ નોટીસો આપવામાં આવેલ તેમજ ૦૨ કિ.ગ્રામ પ્રતિબંધિત પ્લાસ્કટીકની થેલીઓ જપ્ત કરવામાં આવેલ તથા ૦૨ કિલોગ્રામ અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. તેમજ સદરહું વિસ્તારના રહીશોને ઘરનો કચરો ડોર ટુ ડોર ગાડીમાં આપવો, જાહેર રસ્તા પર કચરો ફેંકવો નહીં જે બાબતનું આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે.

TOP

## ગાંધી નિર્વાણ દિન તા.૩૦.૧.૨૦૧૦

સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦ મી જાન્યુઆરી ૨૦૧૦ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સાંસદશ્રી સી.આર.પાટીલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુ.કમિશનરશ્રી કુ. એસ. અપર્ણા, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી પુર્ણેશભાઈ મોદી, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલિયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, તેમજ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, તથા ગાંધીપ્રેમીઓએ ઉપસ્થિત રહી ગાંધી પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી. નગર પ્રાથમિક સ્કૂલના બાળકો હાજર રહયા હતા. તેમજ સત્ય સાંઈ સેવા સમિતિએ ભજનોની સુંદર રજુઆત કરી હતી.

TOP

## રન ફોર સુરત (મુખ્ય સીટી રન) તા.૩૧.૧.૨૦૧૦ (એસ.વી.એન.આઈ.ટી.)



સને ૨૦૧૦નું વર્ષ ''સ્વર્ણિમ ગુજરાત'' તરીકે ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં તા. ૩૧ મી જાન્યુઆરી ૨૦૧૦ને રવિવારના રોજ ''રન ફોર સુરત'' માં શહેરના તમામ વર્ગોનાં લોકો ઉત્સાહથી મોટી સંખ્યામાં જોડાય તે હેતુસર શહેરીજનોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૩૧/૦૧/૨૦૧૦ ને રવિવાર ના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરના તમામ નગરજનો માટે ''સીટી રન'' દોડ સ્પર્ધા **SVNIT** કોલેજ સર્કલ તથા કારગીલ ચોકથી સુરત ડુમસ ગૌરવપથ ઉપર યોજવામાં આવી હતી. સદર દોડમાં ૭ થી ૧૫ વર્ષના બાળકો ૩૫ થી ૬૦ વર્ષ સુધીની મહિલાઓ અને ૬૦ વર્ષથી ઉપરના તમામ વરિષ્ઠ નાગરીકો માટે કારગીલ ચોકથી શરૂ કરી ભાવિદર્શન કોમ્પલેક્ષ જુના પેટ્રોલ પંપ પાસે, સુરત ડુમસ ગૌરવ પથ સુધી ૩.૫ કી.મી. તથા ૧૫ થી ૩૫ અને ૩૬ થી ૬૦ વર્ષના પુરૂષ વય માટે એસ.વી.એન.આઈ.ટી. કોલેજ ગ્રાઉન્ડ ઉપરથી શરૂ કરી ભાવિદર્શન કોમ્પલેક્ષ જુના પેટ્રોલ પંપ પાસે, સુરત ડુમસ ગૌરવ પથ સુધી ૪.૫ કી.મી.ના અંતરની દોડ રાખવામાં આવી હતી. આ બંન્ને સ્ટાર્ટ પાઈન્ટ ઉપર માન.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, મા.સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાકાંવાલા, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષ નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, કલેકટરશ્રી એ.જે.શાહ, પોલીસ કમિશ્નરશ્રી શિવાનંદ ઝા, વિરોધ પક્ષ નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલિયા, સહયોગી સંસ્થાના પ્રતિનિધિઓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખશ્રી હેમંતભાઈ દેસાઈ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી નીલેશભાઈ માંડલેવાલા, સુરત ડાયમંડ એસોસીએશનના પ્રમુખશ્રી રોહિતભાઈ મહેતા, રચનાગ્રૂપ ઓફ કંપનીના શ્રી જે.પી.અગ્રવાલ, ગુજરાત ગેસ કંપનીનાશ્રી નિતિનભાઈ પાટીલ, શ્રી મકસુદભાઈ શેખ, શ્રી ડેવિડ બ્રૂસ, પ્રતિભા ફેબ્રીકસ લિમિટેડના શ્રી પ્રમોદભાઈ ચૌધરી, સાર્વજનીક એજયુકેશન સોસા. પ્રમુખશ્રી રજનીકાંતભાઈ મારફતીયા, લુથરા ડાઈગના પ્રતિનિધિ, એસ.વી.એન.આઈ.ટી. કોલેજના રજીસ્ટ્રાર શ્રી એચ.એ.પરમાર, ધી સાઉથ ગુજરાત ટેક્ષ. પ્રોસેસર્સ એસોસીએશનના ઉપ પ્રમુખ શ્રી વિનોદભાઈ અગ્રવાલ, વોકહાર્ટ હોસ્પીટલના સેન્ટર હેડ શ્રી હેમંત ભટનાગર, લુથરા ડાઈગના પ્રતિનિધિ વિગેરે એ સંયુકત રીતે ફલેગ આપી દોડનો શુભારંભ કરાવ્યો હતો. આ ''રન ફોર સુરત''માં અંદાજે ૧૦૦૦૦ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દોડના ફીનીસીંગ પોઈન્ટ ભાવિદર્શન કોમ્પલેક્ષ જુના પેટ્રોલ પંપ પાસે, સુરત ડુમસ ગૌરવ પથ ખાતે ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરી ઉપરોકત મંચસ્થ મહાનુભાવો દ્વારા નીચે મુજબના વિજેતાઓને ટ્રોફી, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ '' રન ફોર સુરત''માં નીચે મુજબના સ્પર્ધકો વિજેતા થયા હતા.

**Continue …**

 

| ક્રમ | વિભાગ વયગ્રૃપ | પુરૂષ | | | સ્ત્રી | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પ્રથમ | દ્વિતીય | તૃતીય | પ્રથમ | દ્વિતીય | તૃતીય |
| ૧ | ૭ થી ૧૪ વર્ષ | રાહુલ એ. કહાર | સંજીવ યાદવ | સેલર કરણ | રેતીવાલા પલ્લવી એ. | મધુર જી. શિરભાટે | ધ્રૂવી કે. પટેલ |
| ૨ | ૧૫ થી ૩૫ વર્ષ | મંયક સેલર | અંકિત રેસમવાલા | જતીન નાવીક | પુજા ચૌરૂષિ | કોમલ રેતીવાલા | યુતિકા ભારતી |
| ૩ | ૩૬ થી ૬૦ વર્ષ | જગદીર સેલર | યોગેશ ડી. સેલર | ચિરાગ સેઈલર | ડૉ.મીના વાકાંવાલા | નેહાબેન પટેલ | પુનમ દલાલ |
| ૪ | ૬૦ વર્ષથી ઉપર | નરેશભાઈ ટાલીયા | નરોત્તમભાઈ જી. પટેલ | ધનસુખ ગોદીવાલા | બકુલાબેન આર. પટેલ | કુમુદબેન એમ. પટેલ | ઉષાબેન બી. ગજીવાલા |

આ ઉપરાંત સીનીયર સીટીઝનને પ્રોત્સાહીત કરવા ત્રણ આશ્વાસન ઈનામ તથ પ્રમાણપત્ર આપવામાં આવ્યુ હતું. સન્માન સમારોહની શરૂઆતમાં મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાએ સ્પર્ધકો, નાગરીકો, બાળકો, સર્વેને આવકારી નવા રસ્તા પુલો અન્ય વિકાસના કામો દ્વારા સુરત શહેરને દોડતું રાખવા જણાવી સહયોગી સંસ્થાઓ તથા રેફરીગણનો આભાર માન્યો હતો. સમારંભના પ્રમુખ મા.મેયરશ્રી શહેરના નગરજનો દ્વારા શહેરના અવિરત વિકાસમાં સહભાગી થઈ સુરત શહેરને રાજય તથા દેશના નકશા ઉપર હંમેશા ઉચ્ચુ સ્થાન અપાવવા અનુરોધ કર્યો હતો. સહયોગી સંસ્થાના પ્રતિનિધિઓએ પણ તેઓના પ્રતિભાવ વ્યકત કર્યા હતા અને ભવિષ્યમાં પણ આ રીતના સહકારની ખાતરી આપી હતી. સહયોગી સંસ્થાઓ દ્વારા દરેક દોડવીરોને સ્મૃતિભેટ તરીકે ટી–શર્ટ આપવામાં આવી હતી. તથા વોકહાર્ટ હોસ્પીટલ તરફથી દરેક સ્પર્ધકને ફ્રી મેડીકલ ચેકઅપની કુપન, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ તરફથી વિજેતાઓને રોકડ પુરસ્કાર માટે રૂા.૧,૦૦,૦૦૦/– આપવામાં આવ્યા હતા. સદર આયોજન માટે અંદાજે ૧૫૦ રેફરીઓએ વિશિષ્ટ કામગીરી કરી હતી. અંતમાં મા.ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણીએ ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો. આ દોડમાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## પુસ્તક મેળો તા.૨૨ થી ૨૭ જાન્યુઆરી ૨૦૧૦

સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત દસમો રાષ્ટ્રીય પુસ્તક મેળો ''વિદ્યા ૨૦૧૦'' આઠમો રાષ્ટ્રીય હોર્ટીકલ્ચર હર્બલ ફેર ''સુમન ૨૦૧૦'' અને દ્વિતિય ''આઈ.ટી. મેળો ૨૦૧૦'' તા.૨૨–૧–૨૦૧૦ થી તા.૨૭–૧–૨૦૧૦ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેનો શુભારંભ તા.૨૨/૦૧/૨૦૧૦ના રોજ વરિષ્ઠ પત્રકારશ્રી કાન્તિભાઈ ભટ્ટના વરદ્હસ્તે થયો હતો. જેમાં પ્રમુખ સ્થાને મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજયના બાગાયત વિભાગના નિયામકશ્રી ડો.એસ.આર.ચૌધરી, અતિથિ વિશેષ તરીકે સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડિયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. ઉદ્‌ઘાટન બાદ સાહિત્ય, પત્રકારત્વ, કવિ, લેખક અને ચિંતક એવા સુરતના સપુતશ્રી ભગવતીકુમાર શર્માનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ શ્રી મેહુલ સુરતીના ગૃપ દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું.






તા.૨૩/૦૧/૨૦૧૦ના રોજ સવારના ભાગમાં ભાઈઓ અને બહેનો માટે ૮ થી ૧૪ વર્ષ અને ૧૪ થી ૨૦ વર્ષના વયગૃપમાં યોગા કોમ્પીટીશન રાખવામાં આવી હતી. જેમાં અંદાજે ૧૨૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ત્યારબાદ સાંજે શાળા અને કોલેજ વિભાગ માટે એલ.સી.ડી.પ્રોજેકટર દ્વારા (**KBC type QUIZ Program**) આધારિત જનરલ નોલેજ કવીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૬૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

તા.૨૪/૦૧/૨૦૧૦ના રોજ સવારના ભાગમાં શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓની ચિત્રકામ અને રંગપુરણી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૭૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાંજે ૭.૦૦ કલાકે સર્જન નર્તન અકાદમી દ્વારા રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**Continue …**

તા.૨૫/૦૧/૨૦૧૦ના રોજ સવારના ભાગમાં કરાઓકે આધારીત સીંગીંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૪૦ સ્પર્ધકોઓએ ભાગ લીધો હતો. સાંજે ૭.૦૦ કલાકે એલ.સી.ડી.પ્રોજેકટર સ્ક્રીન પર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૨૫ સ્પર્ધકોઓએ ભાગ લીધો હતો.

તા.૨૬/૦૧/૨૦૧૦ના રોજ સાંજે શાળા અને કોલેજ વિભાગ માટે ગ્રુપ ડીસ્કશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૫૫ સ્પર્ધકોઓએ ભાગ લીધો હતો. અને સાંજે ૭.૦૦ કલાકે અમન લેખડિયાના ગૃપ દ્વારા તૈયાર કરેલ દેશ ભકિત આધારિત ગીતોના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.





તા.૨૭/૦૧/૨૦૧૦ના રોજ સાંજે ૪.૦૦ કલાકે તમામ વયજુથ માટે ફન ગેમ્સ ફોર ઓલ્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અને સાંજે ૭.૦૦ કલાકે ઝંકાર ગૃપ, ટેપર્સ ડાન્સ કલાસીસ તથા એચ.વી.સ્વામિનારાયણ સંસ્થા દ્વારા તૈયાર કરેલ વિવિધ કૃતિઓ અને વ્યસન મુકિત્ત આધારિત નાટકની રજુઆત કરવામાં આવી હતી. તદુપરાંત રાષ્ટ્રીય બાગાયત હર્બલના ડોમમાં કેકટ્સ, ફુલ સજાવટ, સલાડ ડેકોરેશન, સુકા ફુલોની ગોઠવણી વિગેરે જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન ગાર્ડન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉપરોકત્ત તમામ સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી, પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ પાંચ દિવસ દરમ્યાન શહેરની કલા, વિદ્યા, શિક્ષણ, બાગાયત પ્રેમી નગરજનો અને આઈ.ટી. ક્ષેત્રના રસિકો મળી અંદાજે ૬ લાખ નગરજનોએ લાભ લીધો હતો. આમ સુરત મહાનગરપાલિકા દ્વારા મ્યુનિસિપલ કમિશનર શ્રી કુ. એસ. અપર્ણાના માર્ગદશન હેઠળ સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

**TOP**

## લિંબાયતઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સીટી ઈજનેર અને લિંબાયતઝોનના વડાશ્રી વી.ડી. પટેલની સુચના મુજબ, લિંબાયત ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી એ. જી. ખાટીવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડો. કે. કે. નીગમના માર્ગદર્શન મુજબ, મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી એમ. ઈકબાલ શેખ, કે.એમ. મહેતા, પી.જી.સુરતીની સીધી દેખરેખ હેઠળ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય વિભાગ મારફતે પદમાવતી સોસાયટી, શ્રીરામનગર, શાહપુરા, તૈયબા મસ્જિદ, શાહપુરાપટેલ હોલ, જુની પંચાયત, સંગમ બેન્ડની ગલી, હળપતિવાસ, ખાનપુરાનો સમગ્ર વિસ્તાર, પોલિસ સ્ટેશન રોડ, છત્રપતિ શિવાનંદજીનગરના સહિતના વિસ્તારમાં તળિયાઝાટક સાફ સફાઈ, સ્ક્રેપીંગ / બ્રશીંગની કામગીરી કરી, માટીના ઢગલા ઉપાડી, જંતુનાશક દવાનો છંટકાવ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

આ કામગીરી દરમ્યાન ન્યુસન્સ કરતા માલમ પડેલ, ૨૪ ઈસમોને ચેતવણી આપવામાં આવી હતી તેમજ ૨૧ ઈસમો પાસેથી રૂા. ૨૪૦૦૦/– વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવ્યા હતા. તેમજ રહીશોને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું. લોકસેવા વિભાગ દ્વારા સ્ક્રેપીંગ અને પેચકામની કામગીરી કરવામાં આવી હતી.

TOP